# રેલવેને આધુનિકરણના પાટા પર ચઢાવશે : બંસલ

નવીદિલ્હી,તા. ૬

રેલવે મંત્રી પવનકુમાર બંસલ દ્વારા રેલવેની કાયાપલટનું અભિયાન પૂરજોશમાં ચાલી રહ્યું છે. રેલવેની માળખાકીય હાલત સુધારવા માટે ન કેવળ તેઓ રેલ સેવાઓને મોંઘી કરી રહ્યા છે પરંતુ કેટલીક બિનનફાકારક સ્કીમોને પણ રદ કરી રહ્યાં છે. તેમનાં આ પગલા દ્વારા જે નાણાં બચશે તેનો ઉપયોગ રેલ યાત્રીઓની સગવડો અને સુરક્ષા વધારવા માટે કરવામાં આવશે. ખર્ચ બચાવો અભિયાન અંતર્ગત રેલવે બોર્ડે યાત્રીઓને ભાડામાં અપાતી રાહત આઈઆરસીટીસી ની યોજના પર કાતર ફેરવી દીધી છે. સ્કીમ ઓફ ફ્રિકવેંટ ટ્રાવેલર્સ નાં નામથી આ સ્કીમ પાછલાં ઘણાં વર્ષોથી રેલવે દ્વારા ચલાવવામાં આવી રહી હતી. આ યોજના અંતર્ગત ટ્રેન દ્વારા વધુ યાત્રા કરનાર મુસાફરોને રૂપિયા ૫૦૦ વાર્ષિક ફી પર શુભયાત્રા કાર્ડનાં નામથી લાભ આપવામાં આવતો હતો. આ માટે સભ્યપદનું એક કાર્ડ પણ આપવામાં આવતું હતું. આ કાર્ડ ઉપર કરવામાં આવતી દરેક યાત્રામાં ભાડા પર પોઈન્ટ ગણવામાં આવતા હતાં અને પ્રત્યેક પોઈન્ટને એક રૂપિયાનાં હિસાબે ગણવામાં આવતું હતું. આ તમામને પોઈન્ટને એકઠાં કરતાં જે આંકડો આવે તેટલા રૂપિયા પછીની યાત્રામાં છૂટ આપવામાં આવતી હતી અથવા કોમ્પલીમેન્ટ્રી ટિકિટ પર મફત યાત્રા કરી શકાતી હતી. દર વર્ષે ૩૦૦ રૂપિયાની ફી ભરીને આ કાર્ડનું નવીનીકરણ પણ કરી શકાતું હતું. સૂત્રોનાં જણાવ્યા મુજબ આ સ્કીમ એટલા માટે બંધ કરવામાં આવી કારણ કે રેલવેને લાભને બદલે નુકસાન થઈ રહ્યું હતું. આ યોજનાનો પ્રોસેસિંગ ખર્ચ યાત્રીઓ પાસેથી પ્રાપ્ત થતી આવકો કરતાં વધારે હતો.



રેલવેની માળખાકીય હાલત સુધારવા માટે રેલવે મંત્રી બંસલે પોતાનો કાર્યકાળ શરૂ કરતાં જ વિવિધ પગલાઓ ભરવા શરૂ કરી દીધાં હતાં. આ પગલાઓમાં ૨૨ જાન્યુઆરીથી યાત્રી ભાડામાં ૨૦ ટકાનો વધારો કરવામાં આવ્યો હતો. તદ્ઉપરાંત સ્ટેશનોનાં ક્લોકરૂમનાં ભાડા, પસંદગીની ટ્રેનોમાં કેટરીંગની કિંમતોમાં વધારો, માલ ભાડામાં વધારો જેવા વિવિધ પગલા ભરવામાં આવ્યા હતાં. વળી, રેલવે મંત્રાલય દ્વારા ખર્ચમાં પણ કાપ મૂકવામાં પહેલ કરવામાં આવી હતી. તંત્ર દ્વારા મિડીયામાં અપાતી ફાલતુ જાહેરાતોમાં પણ કાપ મૂકવામાં આવ્યો છે. રેલવે દ્વારા લેવામાં આવેલાં તમામ પગલાઓથી ખર્ચમાં બચત અને આવકમાં વધારો કરીને યાત્રીઓની સુરક્ષા અને સુવિધા વિષયક કામગીરી વધુ સારી રીતે કરવામાં આવશે. પાછલા દસ વર્ષમાં રેલવે ભાડામાં કોઈ જ પ્રકારનો વધારો કરવામાં આવ્યો નથી. હવે રેલવે સ્ટેશનોનું આધુનિકીકરણ, સુરક્ષા, સગવડોમાં વધારો, ટ્રેનોનું નવીનીકરણ જેવાં વિવિધ પગલા ભરવા રેલવેએ શરૂ કર્યા છે જેનાથી સરવાળે રેલવેમાં મુસાફરી કરતાં યાત્રીઓને જ ફાયદો થશે.ઉલ્લેખનીય છે કે, રેલવેની નવી આદર્શ સ્ટેશન યોજના અંતર્ગત દેશનાં ૯૮૦ સ્ટેશનોની યાદી બનાવી છે. આ યાદીમાં સામેલ રેલવે સ્ટેશનોની માળખાકીય અને યાત્રી સુવિધાઓમાં વિશેષરૂપે આધુનિકરણ કરી સગવડો વધારવામાં આવશે.

**કોંગ્રેસના તમામ કાર્યકરોમાં ભારે ઉત્સાહ**

## રાહુલ ગાંધીની યાત્રાને લઈને અમેઠીમાં બધી તૈયારી કરાઈ


અમેઠી,તા. ૬

કોંગ્રેસના ઉપપ્રમુખ તરીકે નિમણૂંક કરવામાં આવ્યા બાદ રાહુલ ગાંધી આવતીકાલે અમેઠી પહોંચનાર છે. નહેરુ-ગાંધી પરિવારના ગઢમાં રાહુલ ગાંધીના સ્વાગત માટેની તમામ તૈયારી ચાલી રહી છે. ખરાબ હવામાનના કારણે તેમની યાત્રાના કાર્યક્રમમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. તેમની યાત્રાને મંગળવારે રદ કરવામાં આવી હતી. કોંગ્રેસના કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. યુવાઓને ઠાના હે રાહુલ કો પીએમ બનાના જેવા પોસ્ટર તૈયાર કરવામાં આવ્યા છે. ફુરસતગંજ વિમાનીમથકે આવી પહોંચ્યા બાદ રાહુલ ગાંધી રોડ શો યોજનાર છે. સાથે સાથે ટિલોઈ વિસ્તારમાં ત્રણ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલા પ્રોજેક્ટોનુ ઉદ્‌ઘાટન પણ કરશે. તેમના પ્રતિનિધી ચન્દ્રકાંત દુબેએ આજે આ મુજબની માહિતી આપી હતી. શુક્રવારે તેમની યાત્રાના બીજા દિવસે રાહુલ ગાંધી પક્ષના કાર્યકરો અને હોદેદારો સાથે વાતચીત કરશે. દિલ્હી માટે રવાના થતા પહેલા યોજાનારી બેઠકમાં રાહુલ કાર્યકરોમાં નવો ઉત્સાહ જગાવવાના પ્રયાસો કરશે. રાહુલને હાલમાં કોંગ્રેસના નંબર બે નેતા બનાવી દેવામાં આવ્યા હતા. રાહુલ વર્ષ ૨૦૧૪માં યોજાનારી ચૂંટણીમાં કોંગ્રેસ માટે મુખ્ય ભૂમિકા અદા કરે તેવી શક્યતા છે.

## રામમંદિરનું નિર્માણ રામ જન્મભૂમિ પર જ થવું જોઈએ : રાજનાથસિંહ

અલ્હાબાદ, તા. ૬

ભાજપ અધ્યક્ષ રાજનાથસિંહે કુંભના મેળા દરમિયાન જણાવ્યું છે કે રામમંદિરનું નિર્માણ રામ જન્મભૂમિ પર જ થવું જોઈએ એવું કરોડો હિન્દુઓની ઈચ્છા છે. રામમંદિરનો મુદ્દો ભાજપની પ્રાથમિકતા છે. વીએચપીના નેતા અશોક સિંઘલે જણાવ્યું હતું કે નરેન્દ્ર મોદી જવાહરલાલ નેહરુ જેટલા જ લોકોમાં લોકપ્રિય છે.



કુંભનો મેળો હવે રાજકીય અખાડો બની ગયો છે. પહેલા સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી આ મેળાની મુલાકાત લેવાના હતા. કુંભની બેઠકમાં વીએચપી અને સાધુ સંતો દ્વારા રામમંદિરના મુદ્દા પર ચર્ચા થશે. અને અયોધ્યામાં રામમંદિરના નિર્માણ માટેની નવી સમય સીમા નક્કી કરવામાં આવશે. બેઠકમાં ૨૦૧૪માં થનારી લોકસભાની ચૂંટણીમાં વિહિંપ અને આરએસએસ હિંદુઓને પોતાના તરફ આકર્ષિત કરવાની રણનીતિ બનાવશે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે ગુરુવારે સંતો-મહંતોનું અધિવેશન મળી રહ્યું છે.

એમાં રામમંદિરના નિર્માણ માટે કોઈ નિર્ણય લેવામાં આવે એવી શક્યતા છે. આરએસએસ (રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ) દ્વારા પણ રામમંદિરનો મુદ્દો પુનઃજીવિત કરવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે અને આ મામલે કોઈ મહત્વનો પ્રસ્તાવ સોંપવામાં આવે તેવી શક્યતા છે.

રામમંદિરના પુનઃ નિર્માણ માટે કોઈ ચોક્કસ સમય મર્યાદા નક્કી કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે વિશ્વ હિન્દુ પરિષદે સાધુ સંતો અને ધાર્મિક ગુરુઓના કહેવાથી રામમંદિરના સંદર્ભે પત્રિકાઓ વહેંચવાનું શરૂ કરી દીધું છે. બેઠકમાં વિશ્વ હિન્દુ પરિષદ તથા આરએસએસ ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીઓમાં હિન્દુઓને ભાજપ તરફી આકર્ષવા માટે એક રણનીતિ બનાવવામાં આવશે.

ગુજરાતના મુખ્યમંત્રી પણ આ બેઠકમાં હાજરી આપે તેવી શક્યતા છે.

**માત્ર છ સપ્તાહમાં બેઠક કરવા સુપ્રીમનો આદેશ**

## એસિડ હુમલા અંગે રાજ્યોની બેઠક બોલાવવા કેન્દ્રને સુચના

નવી દિલ્હી,તા. ૬

સુપ્રીમ કોર્ટે એસીડ હુમલાના સંબંધમાં રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના મુખ્ય સચિવોની બેઠક બોલાવવા આજે કેન્દ્રિય ગૃહ સચિવને આદેશ આપ્યો હતો. સાથે સાથે એસીડ હુમલાનો શિકાર થયેલી યુવતિઓના મામલામાં યોગ્ય કાયદાની રચના કરવા ચર્ચા કરવા તથા તેમને વળતરની ચૂકવણીના મામલે રૂપરેખા તૈયાર કરવા આદેશ કર્યો હતો. છ સપ્તાહની અંદર બેઠક બોલાવવા સુપ્રીમ કોર્ટે કેન્દ્રને સૂચના આપી છે. સુપ્રીમ કોર્ટે કહ્યુ છે કે તમામ રાજ્યોએ એક એવા ફંડની રચના કરવી જોઈએ જેના ભાગરૂપે જો અપરાધીઓ નાણાંની ચૂકવણી ન કરી શકે તો આવી સ્થિતિમાં એસીડ હુમલાનો ભોગ બનેલી યુવતિને યોગ્ય વળતર ચૂકવી શકાય. દિલ્હી સ્થિત એસીડ હુમલાનો શિકાર થયેલી યુવતિ લક્ષ્મી દ્વારા દાખલ કરવામાં આવેલી જાહેરહીતની અરજી અંગે સુનાવણી હાથ ધરતી વેળા સુપ્રીમ કોર્ટે આ મુજબનો આદેશ કર્યો હતો. છેલ્લા સાત વર્ષથી કેટલાક નક્કર પગલાઓ માટે રજુઆત કરવામાં આવી રહી છે. સુપ્રીમ કોર્ટે આ મામલાની ગંભીરનોંધ લીધી હતી. તાજેતરના વર્ષોમાં એસીડ હુમલાના બનાવો પણ સપાટી પર આવ્યા છે. એસીડ હુમલામાં ભોગ બનેલીને યોગ્ય વળતર મળે તે માટે રૂપરેખા તૈયાર કરવા કહેવામાં આવ્યું છે. યુવતિને યોગ્ય સારવાર મળે તે માટે પણ જોગવાઈ કરવાની રજુઆત કરવામાં આવી છે. કેન્દ્રિય ગૃહ સચિવ હવે છ સપ્તાહની અંદર કોઈ પણ સમયે તમામ રાજ્યોના મુખ્ય સચિવોની બેઠક બોલાવશે. આ અંગેની તારીખ થોડાક દિવસમાં જ જાહેર કરવામાં આવે તેવી વકી છે.

## જમ્મુ કાશમીરમાં સતત ત્રીજા દિવસે પણ રાજમાર્ગ બંધ રહ્યું

શ્રીનગર,તા. ૬

શ્રીનગર-જમ્મુ રાષ્ટ્રીય રાજમાર્ગ અને અન્ય આસપાસના વિસ્તારોમાં સતત ત્રીજા દિવસે પણ બંધ રહ્યા હતા પરંતુ લોકોને આંશિક રાહત આપવા એક તરફથી રસ્તો ખોલવામાં આવ્યો હતો. હાલમાં કેટલાક વાહનો રસ્તામાં અટવાઈ પડ્યા હતા. આના લીધે આવશ્યક વસ્તુઓ લઈ જનારા વાહનો અને ઓઈલ ટેન્કર સહિત ૩૦૦ વાહનો રાજમાર્ગ ઉપર અટવાઈ પડ્યા છે. જો મૌસમ સારુ રહ્યું તો માર્ગ ચાલુ કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. મળેલી માહિતી અનુસાર જો રાજમાર્ગ ખોલવામાં આવશે તો ત્યાં ફસાયેલા વાહનોને જ જવાની મંજૂરી આપવામાં આવશે. જમ્મુ અથવા શ્રીનગરથી કોઈપણ વાહનને બુધવારે રાજમાર્ગથી પસાર થવા દેવામાં આવશે નહીં. ઉલ્લેખનીય છે કે બાનિહાલ સેકટરમાં હાલ થઈ રહેલા હિમવર્ષાથી પંથાલ, સેરી અને કેલા મોઢ વિસ્તારમાં ભેખર ધસી પડવાના કારણે મંગળવારે બીઆરઓ માર્ગ ફરી ચાલુ કરવાનું કામ રોકી દેવામાં આવ્યું હતું.

હિમવર્ષા અને ભેખડો ધસી પડવાના બનાવના લીધે આ રાજમાર્ગને ત્રીજા દિવસે બંધ રાખવાની ફરજ પડી હતી. રાજમાર્ગ સતત ત્રીજા દિવસે બંધ રાખવામાં આવતા મોટી સંખ્યામાં વાહનો અટવાયેલા છે. યાત્રીઓ પણ ફસાઈ ગયા છે. ઓપરેશનને વહેલી તકે શરૂ કરવાના પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા છે. જો હવામાન મંજૂરી આપશે તો અટવાઈ પડેલા વાહનોને જમ્મુથી શ્રીનગર તરફ આગળ વધવાની મંજૂરી આપવામાં આવશે. તાપમાનમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. આ રાજમાર્ગ દેશના બાકીના ભાગને કાશમીર ખીણ સાથે જોડનાર એક માત્ર માર્ગ તરીકે છે. તમામ જીવન જરૂરી ચીજવસ્તુઓ આ રાજમાર્ગ મારફતે ટ્રકોથી રાજ્યમાં પ્રવેશ કરે છે પરંતુ છેલ્લા ત્રણ દિવસથી શ્રીનગર-જમ્મુ રાષ્ટ્રીય રાજમાર્ગને ભારે હિમવર્ષા અને ભેખડો ધસી પડવાના બનાવોના કારણે બંધ રખાતા અડચણો ઊભી થઈ છે.

## ઉત્તર કોરિયા અમેરિકા પર હુમલાની તૈયારીમાં

શિઓલ,તા. ૬

ઉત્તર કોરિયાએ એક બાજુ ત્રીજા પરમાણુ પરિક્ષણ કરવાની તૈયારી કરી લીધી છે ત્યારે અમેરિકના આર્થિક પાટનગર ગણાતા ન્યૂયોર્કને સકંજામાં લઈ લેવાની યોજના પણ ઉત્તર કોરિયાએ તૈયાર કરી લીધી હોવાનું જાણવા મળ્યુ છે. અમેરિકા પર હુમલો કરવાની યોજના પણ ઉત્તર કોરિયા ધરાવે છે. લોકપ્રિય વીડિયો વેબસાઈટ યુટ્યુબ પર જારી કરવામાં આવેલા ઉત્તર કોરિયાના એક કાર્ટૂન વીડિયોમાં ૧૦૦૦૦ કિલોમીટર સુધી પ્રહાર કરવા સક્ષમ આઈસીડીએમ મિસાઈલની ઉડાણ ભરતી તસ્વીરો જારી કરવામાં આવી છે. આમાં અમેરિકાના ન્યૂયોર્કને ટાર્ગેટ બનાવતા દર્શાવવામાં આવતા ચિંતાનું મોજુ ફરી વળ્યુ છે. ઉત્તર કોરિયાએ હજુ સુધી ૦.૩ રોકેટના ઘણા પરિક્ષણ કર્યા છે.

**નિફ્ટી ૫૯૫૯ની નીચી સપાટીએ રહ્યો**

## શેરબજારમાં મંદી : વધુ ૨૦ પોઈન્ટનો નોંધાયેલો ઘટાડો

મુંબઈ,તા. ૬

શેરબજારમાં આજે પણ મંદીનુ મોજુ યથાવત રહ્યું હતું. કારોબારના અંતે સેન્સેક્સ ૨૦ પોઈન્ટ ગટીને ૧૯૬૪૦ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફટી બે પોન્ટિ ઘટીને ૫૯૫૯ની સપાટીએ રહ્યો હતો. એશિયન બજારો અને અમેરિકી બજારોની ભારતીય શેરબજાર પર સીધી અસર થઈ હતી. આજે કારોબારના અંતે એનટીપીસીમાં સૌથી વધારે બે ટકાનો ઘટાડો થયો હતો. અન્ય જે શેરમાં ઘટાડો થયો હતો તેમાં કેપિટલ ગુડ્સનો સમાવેશ થાય છે. સીઆઈએલ, એચયુએલ, આઈસીઆઈસીઆઈ બેંક અને ઓએનજીસી તેમજ બજાજ ઓટોમાં ફ્લેટ સ્થિતી રહી હતી. કેપિટલ ગુડ્સમાં વેચવાલીનુ દબાણ રહ્યું હતું. વૈશ્વિક બજારોની વાત કરવામાં આવે તો એશિયન બજારોમાં તેજી રહી હતી. સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના શેરમાં ચાર ટકાનો ઘટાડો થયો હતો. બ્રોડર માર્કેટમાં સારી સ્થિતી રહી હતી. માર્કેટ બ્રિડથની વાત કરવામાં આવે તો કારોબાર દરમિયાન ૧૧૪૪ શેરમાં તેજી રહી હતી જ્યારે ૯૮૧ શેરમાં મંદી રહી હતી. શેરબજારમાં છેલ્લા કેટલાક દિવસથી ભારે અફડાતફડી જોવા મળી રહી છે જેથી રોકાણકારો દિશાહિન થયેલા છે. આજે મીડ કેપ અને સ્મોલ કેપ ઈન્ડિકેસમાં ક્રમશ ૦.૦૨ અને ૧૭ પોઈન્ટનો સુધારો જોવા મળ્યો હતો.

## સમાચાર ઝલક

- ભારત ઝડપથી ઉભરતાં અર્થતંત્રની પ્રતિષ્ઠા ગુમાવશે.
- ટોકિયો વિશ્વના સૌથી મોંઘા શહેરોમાં પ્રથમ.
- પતિ-પત્નીને લગ્ન તોડીને ભાઇ-બહેન તરીકે રહેવા ખાપ પંચાયતનો વિચિત્ર હુકમ.
- દેશમાં દરરોજ લાપત્તા થતાં બાળકો સામે સુપ્રીમની કડક આલોચના.
- ફેસબુક પર વડાપ્રધાન વિરૂધ્ધ લખાણ બદલ યુવકની ધરપકડ.
- મહિલા અપરાધ સામે ગુજરાત સરકાર સતર્ક.
- રાજકોટમાં સ્વાઇન ફ્લૂના ૩ રિપોર્ટ આવતાં તંત્ર દોડતું થયું.
- એર ઇન્ડિયાના ચાલકો સામે આકરાં પગલાં લેવાની તૈયારી.
- મોંઘવારીના મારથી થોડી રાહત ! ઘઉં, ચળાદાળ, તુવેરદાળ સહિતની વસ્તુઓનાં ભાવ ગગડ્યાં.
- ફ્રાન્સમાં હવે મહિલાઓ પેન્ટ પહેરી શકશે, છેલ્લાં ૨૦૦ વર્ષથી પ્રતિબંધ હતો તે દૂર કરાયો.
- આને કહેવાય મુખ્યમંત્રી ? દેશનાં સૌથી ગરીબ રાજનેતાઓમાં ત્રિપુરાનાં મુખ્યમંત્રી, માત્ર રૂા. ૨.૫૦ લાખની સંપત્તિ.
- તા.૧૧મી ફેબ્રુઆરીથ ઇક્વીટી સેવિંગ સ્કીમ શરૂ થશે.
- ઓપ્રા વિનફ્રે : બાળપણમાં જાતિય શોષણ, આજે વિશ્વની સૌથી શક્તિશાળી મહિલા.
- ગુજરાતમાં ૫૦ લાખ બનાવતી નોટો ઘુસાડી હોવાનો અહેવાલ.
- તાલિબાનીની ગોળી ખાનાર કિશોરી મમાલા યુસુફ હવે સ્વસ્થ થઇ રહી છે.
- પાકિસ્તાનમાં ફરીથી ડો. કાદરીની દેશવ્યાપી કુચની જાહેરાત.
- રૂસનું એક ગામ દુનિયાનું સૌથી ઠંડું ગામ બન્યું, ૭૧ ડીગ્રીએ પારો નીચે.
- મધ્યપ્રદેશમાં વન ખાતાના અધિકારીને ત્યાં ૪૦ કરોડની સંપત્તિ મળી.
- બાંગ્લાદેશમાં ઠેર ઠેર તાફાનો.

## નવા લાયસન્સના મામલામાં ૧૮મીએ મહત્વપૂર્ણ મિટિંગ

નવી દિલ્હી,તા. ૬

આંતર-પ્રધાનસ્તરની સંસ્થા ટેલિકોમ કમીશન(ટીસી)ની મહત્વપૂર્ણ બેઠખ હવે ૧૮મી ફેબ્રુઆરીના દિવસે મળશે. જેમાં નેશનલ ટેલિકોમ પોલીસી હેઠળ કંપનીઓને જારી કરવામાં આવનાર નવા લાયસન્સના મામલે વિસ્તારપૂર્વક વાતચીત કરવામાં આવશે. આ બેઠકને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. કારણ કે હાલમાં કોર્પોરેટ ગૃહો દ્વારા પણ લાયસન્સની માંગ કરવામાં આવી છે. ટેલિકોમ્યુનિકેશન વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું હતું કે નવી અને પ્રવર્તમાન કંપનીઓ માટે યુનિફાઈડ લાયસન્સની વિગતોની ચર્ચા કરવા માટે આ બેઠક મળનાર છે. નવી ટેલિકોમ પોલીસી હેઠળ સરકારે હાલમાં જાહેરાત કરી હતી કે ભવિષ્યમાં નવા લાયસન્સ સ્પેક્ટ્રમથી અલગ કરી દેવામાં આવશે. ઈન્ટરનેટ ટેલિફોનીના ઓપરેટને મંજૂરી આપવાની જોગવાઈ, વિદેશી સીધા રોકાણ, ટેલિકોમ ટાવર કંપનીમાં રોકાણ, પાંચમાં મોટા ભંગ અંગે લાયસન્સ રદ કરવા ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરીટી દ્વારા કરવામાં આવેલી ભલામણ પર પણ ચર્ચા વિચારણા આ બેઠકમાં કરવામાં આવશે. અગાઉ ડોટ દ્વારા જારી કરવામાં આવેલી વિસ્તૃત રૂપરેખા મુજબ સ્પેક્ટ્રમથી અલગ કરવામાં આવનાર નવા પાન ઈન્ડિયા લાયસન્સ અગાઉ ૧૬૫૮ કરોડની સરખામણીમાં હવે ૨૨ કરોડનો ખર્ચ પડશે. વર્ષ ૨૦૧૨માં સ્પેક્ટ્રમ હરાજી માટે અરજી આમંત્રિત કરનાર નોટીસમાં ડોટે કહ્યું હતું કે એન્ટ્રી ફી દરેક સર્વિસ એરિયા લેવલ યુએલ માટે એક કરોડ રૂપિયા રહેશે.

**સખીને પત્ર** (પાના નં. ૪ નું ચાલુ)

આ વિચારોનો જો સ્કેન કાઢયો હોય તો મોર્ડન આર્ટની અદ્‌ભૂત કલાકૃતિ નીપજી શકે ! કલ્પના કરો એ બધી ધમાચકડી અને કોલાહલ પેલી ફોક્સ છત્રીની બહાર જ રહી જાય અને આપણું સમગ્ર ધ્યાન પેલી નક્કી કરેલી બાબત પર શત-પ્રતિશત લાગી જાય તો કેટલો બધો સમય અને શક્તિ બચી જાય ! ઉત્પાદનશીલતા કેટલી વધી જાય !

લાગણીઓ - સંવેદનાઓની દુનિયાને સંતુલિત રાખવા પણ આવી એક સલામત અંતરની છત્રી - ઘણી ઉપયોગી બની શકે, કોઇએ દગો દીધો કે કોઇ આપણી આગળ ખોટું બોલ્યું તો આપણાં લાગણી તંત્રને લોહીલુહાણ શા માટે થવા દેવું 'જસ્ટ ફરગેટ ઇટ'ની સલામત છત્રી ખોલી નાંખવાની જેથી દુઃખદાયી લાગણીઓ આપણાં હૃદય સુધી પહોંચી જ ન શકે. લેટ ગોની આ છત્રી કેટલી અણખપતી પીડાઓથી મુક્તિ અપાવી શકે?

પણ હા, સ્વિચ કે બટન સહેલાઇથી ન દબાય અને વરસાદમાં ભીંજાતા છત્રી ખોલવાની કુસ્તી કરતાં લોકોને જોયા છે ને? કદાચ આપણી છત્રી ઝટ ન ખુલે તો વિચારો- લાગણીઓનાં ઝાપટામાં થોડું ભીંજાવું પણ પડે !

હું પણ આ લેખ લખવા રાતના અંધારાની છતરી ઓઢું છું ત્યારે જ તો વિચારોનું આકાશ ખુલે છે ! પણ હા... છત્રીઓ માફકસરનો ઉપયોગ કરવો નહિ તો છત્રી નો... કાગડો જ તો કાં... સખી !

- તારી સ્વાતિ

**મધ્યપ્રદેશનાં મંત્રીનું નિવેદન**

## છોકરીઓની સુરક્ષાની ગેરંટી લઈ શકીએ નહીં

ભોપાલ,તા.૬

મધ્યપ્રદેશનાં અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ કલ્યાણ મંત્રી કુંવર વિજયશાહ પોતાનાં વિવાદાસ્પદ નિવેદનોનાં કારણે ચર્ચાસ્પદ બન્યાં છે. તેમણે કહ્યું છે કે, સરકાર છોકરીઓની સુરક્ષાની ગેરંટી લઈ શકતી નથી.

મધ્યપ્રદેશ સરકારનાં મંત્રી વિજયશાહે મધ્યપ્રદેશનાં અલીરાજપુરમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદનાં રાજ્ય સ્તરીય જનજાતિય સંમેલનમાં કહ્યું હતું કે, હોસ્ટેલ અને આવાસગૃહોમાં છોકરીઓની સુરક્ષાની ગેરંટી તેમનો વિભાગ લઈ શકે નહીં. મંત્રીએ એમપણ કહ્યું હતું કે, પાંચથી દસ છોકરીઓ પહેલ કરીને અરજી આપે તો તેમની સુરક્ષાની જવાબદારી તેમની પોતાની જ રહેશે નહીં કે સરકારની, ત્યારબાદ જ તેમનો વિભાગ છોકરીઓ માટે મકાન, વીજળી જેવી સુવિધાઓ આપવા પર વિચાર કરશે. મંત્રીનું નિવેદન આવ્યા બાદ મધ્યપ્રદેશ કોંગ્રેસનાં અધ્યક્ષ કાંતિલાલ ભુરિયાએ વિજયશાહનાં રાજીનામાંની માંગણી કરતાં જણાવ્યું છે કે, કોંગ્રેસ શરૂઆતથી જ કહી રહી છે કે, મધ્ય પ્રદેશમાં છોકરીઓ તેમજ મહિલાઓ સુરક્ષિત નથી અને ભાજપનાં મંત્રી વિજયશાહનાં આ નિવેદનથી સ્પષ્ટ થઈ ગયું છે કે, સરકારે મહિલાઓની સુરક્ષા મુદ્દે પોતાની નિષ્ફળતા સ્વીકારી લીધી છે. નેતા પ્રતિપક્ષ અજયસિંહે પણ કહ્યું છે કે, જે સરકાર મહિલાઓ અને યુવતીઓની સુરક્ષા કરી શકતી નથી તે કશું જ કરી શકતી નથી. રાષ્ટ્રીય મહિલા આયોગનાં અધ્યક્ષ મમતા શર્માએ પણ મધ્યપ્રદેશનાં મંત્રી વિજયશાહનાં નિવેદનની નિંદા કરતાં તેમનાં રાજીનામાંની ઉગ્ર માંગણી કરી છે અને જણાવ્યું છે કે, સમાજને આવા નેતાઓની જરૂર નથી, જેઓ મહિલાઓ મત લેવા ઈચ્છે છે પણ તેમની સુરક્ષાની જવાબદારી ઉપાડવા ઈચ્છતાં નથી. મમતા શર્માએ રાષ્ટ્રીય અપરાધ બ્યુરોનાં આંકડાઓનો હવાલો આપતાં જણાવ્યું હતું કે, મધ્યપ્રદેશ સરકાર દ્વારા દીકરીઓ અને મહિલાઓ માટે અનેક યોજનાઓ તો ચલાવવામાં આવી રહી છે પરંતુ તેની અસર બાળ મૃત્યુદર અને બાળ વિવાહ પર જોવા મળતી નથી.

## અમેરિકામાં શિખ પરિવારના ૪ સભ્ય મૃત હાલતમાં મળ્યા

વોશિંગ્ટન,તા. ૬

અમેરિકાના એટલાન્ટા શહેરમાં એક શિક પરિવારના ચાર સભ્યો રહસ્યમય સંજોગોમાં મૃત હાલતમાં મળી આવતા ભારે સનસનાટી મચી ગઈ છે. પોલીસે બે બાળકો સહિત ચાર લોકોના મોત મામલે ઉંડી તપાસ હાથ ધરી છે. પોલીસના જણાવ્યા મુજબ ૧૨ વર્ષીય સરતાજ અને પાંચ વર્ષીય ગુરતેજના મોત ગરદન પર કોઈ તીક્ષ્ણ હથિયારના ઘાના કારણે થયા હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે માતા ૪૭ વર્ષીય દમનજીત કૌરનુ મોત માથામાં જોરદાર ઈજા થવાના કારણે મોત થયું છે.

પોલીસને જોન્સ ક્રીક સ્થિત આવાસ પરથી પરિવારના વડા શિર્વેન્દર સિંહ ગ્રોવરનો મૃતદેહ પણ મળી આવ્યો છે. જોન્સ ક્રીક પોલીસના વડા એડ ડેન્સમોરે કહ્યું છે કે આ બનાવ ખુબ આઘાતજનક રહ્યો છે. બાળકોના મોત થાય છે ત્યારે સ્થિતી જુદા પ્રકારની થઈ જાય છે. પોલીસ પ્રમુખે માહિતી આપતા કહ્યું છે કે હજુ તપાસ ચાલી રહી છે. પોલીસ કારણ જાણવા મથામણ કરી રહી છે. શિર્વેન્દર ગ્રોવરે મિશિગન યુનિવર્સિટીમાં અભ્યાસ પૂર્ણ કર્યું હતું. હાલમાં તેઓ એટલાન્ટાની એક કંપનીમાં અધિકારી હતા.